

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

### સલામી સવારની..

*ક્યાંક કાલ્પનિક ગઠબંધનની થાય છે સ્ટ્રાઈક,*
*ક્યાંક લોકાર્પણ - પાયાવિધિ પર થાય છે સ્ટ્રાઈક*
*થાય છે સ્ટ્રાઈક સેનાની સચ્ચાઈની સાબિતી પર*
*રમાય રાજકારણ, સ્ટ્રાઈક પર થાય છે સ્ટ્રાઈક*

### હાઈકુ

*ઈમરાન ની,*
*આતંકી પગલાં ની -*
*ભૂંડી ભવાઈ*

*ધૂળ ચાટી ને,*
*વગોવાયું વિશ્વમાં -*
*નાપાક સૈન્ય*

### ચિંતન

***મન તૂ કૈસા બાવરા, તેરી સુધિ ક્યોં ખોય ?***
***મોત આય સિર્પે ખડી, ફરતે બેર ન હોય.***

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**મનુષ્યને ચેતવતા કબીર કરે છે કે ‘મૌત રૂપી કાળ તારે માથે આવી ખડો રહ્યો છે અને તેના પંજામાં ફસાતા વાર લાગશે નહીં, શુદ્ધ બુદ્ધ ગુમાવી હજી પણ મોહમાયામાં રાચ્યા કરી ક્યાં સુધી જાગ્રત નહીં થાય ? તારું મન પણ આટલું બાવરું કેમ છે ? ભવિષ્યની ચિંતા હોય તો આજથી તૈયારી કરી રામનું રટણ કરી લે.’**

**પરવાની ક્ષણ નિશ્ચિત છે કોઈ પણ ક્ષણે આવી જશે આ વાત સૌ સમજે છે. છતાં મૂર્ખ અને નિર્ભય બની ભોગ-વ્યસન - વાસના છોડતા નથી.**

**વીજ યુક્ત વાયરમાં વીજળી છે છતાં આપણે જેમ નિર્ભય થઈ તેની સાથે ‘રમત’ કરીએ એમ.**

### સુવિચાર

- સૌ કહે છે, માયાનાં બંધનો વળઘ્યા છે અમારે,
  કોણ કોને વળગે નિર્ણય કરો તમારે - **હીરાલાલ પ્રજાપતિ**
- દુઃખના દરેક અંધકારની બહાર નીકળતી વખતે માણસને નવી પાંખો ફૂટે છે - **અમૃત બિંદુ**
- પીડા એ મનુષ્યને ચેતવણી આપવા માટે કુદરતે કરેલી વ્યવસ્થા છે - **સુરેશ દલાલ**
- જિંદગી માણીએ તો પૂર્ણ, ન માણીએ તો અપૂર્ણ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- બૂરો વિચાર શરીરમાં રહેલાં લોહીના કણેકણને નુકશાન પહોંચાડે છે - **કાંતિ ભટ્ટ**
- હે પ્રભુ !! તારી પ્રાપ્તિ અમને ભલે ન થાય, તારી પ્રતીક્ષા રહે તોય ઘણું - **ફુલછાબ**
- આજનું ઔષધ : બાળકોને દાંત આવવાના હોય ત્યારે લીંડી પીપરનું ચૂર્ણ મધ સાથે પેઢા પર રોજ ઘસવાથી દાંત સરળતાથી આવે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

‘તમારું મગજ કે બીજાનું મગજ જયારે કોઈ દલીલ કરે ત્યારે એને સંભળાવી દો કે તમે અશક્યકતાની વાત સાંભળવા જ નથી માંગતા.’ હેન્રી ફોર્ડના આ શબ્દો છે. હેન્રી ફોર્ડને મોટર માટે આઠ સિલિન્ડરનું મશીન બનાવવું હતું. આ માટે તેણે પોતાની કંપનીના શ્રેષ્ઠ ઈજનેરોને કામગીરી સોંપી. એક દિવસ સૌ ઈજનેરો હેન્રી ફોર્ડ પાસે આવીને કહ્યું, ‘આવું એન્જિન બની શકશે નહીં. હેન્રી ફોર્ડે કડક અવાજમાં કહ્યું, ‘શક્ય નથી.’ એવા શબ્દો સાંભળવા માટે હું તમને પગાર નથી આપતો. એવા શબ્દો માટે સાંભળવા પણ નથી. હું કંઈ વધુ યંત્રવિજ્ઞાન વિશે જાણતો નથી પણ યંજ્ઞવિજ્ઞાનના નિયમો જયાંથી સ્ફુર્યા એ અંતઃકરણની શક્તિને હું જાણું છું. આપણે આઠ સિલિંડરનું એન્જિન બનાવવું જ છે, કોઈ પણ હિંસાબે...’ હેન્રી ફોર્ડના આ દઢ સંકલ્પ બળે અને આત્મવિશ્વાસે પેલા ઈજનેરોમાં અનેરો ઉત્સાહ જન્માવ્યો. એમણે નવેસરથી કામગીરી શરુ કરી. અને છ મહિનામાં આઠ સિલિન્ડરનું એન્જીન શોધ્યું.

# પક્ષપલટાની મોસમ મહોરી છે

આપણી લોકશાહી કેટલી સાચી કે કેટલી કાચી છે એની પ્રતીતિ આપણને આપણા જ જનપ્રતિનિધિઓ કરાવતા રહે છે. વિશ્વની શ્રેષ્ઠ લોકશાહી અમેરિકા ગણાય છે અને દુનિયાની સૌથઈ મોટી લોકશાહી ભારત ગણાય છે. લોકશાહીમાં સર્વોપરિ ‘લોક’ છે. પરંતુ લોકનેય પોક મુકાવે એવા લોકપ્રતિનિધિઓ પાછા આપણા જ ગુજરાતમાં પાકતા રહે છે તે ગાંધી-સરદારની અને રવિશંકર મહારાજની કે ઈંદુલાલ યાજ્ઞિકની અને પેલા ગરવી ગુજરાતના ગાયક નર્મદની ભૂમિની વરવી વિડંબના અને બલિહારી છે ! છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન કોંગ્રેસ પક્ષના ચૌદ ધારાસભ્યોએ ખેસ બદલ્યા છે. કોંગ્રેસને ગુજરાતની પ્રજાએ રાજ કરવા માટે પૂરતો વખત ફાળવ્યો હતો. પરંતુ એને પ્રજાની નાડ પારખતાં ન આવડી એટલે એને ધીરે રહીને વિપક્ષમાં બેસાડી દઈ પ્રજાએ યોગ્ય પગલું જ ભર્યું હતું. વિપક્ષમાં બેસવું એટલે કરેલાં પાપોનું પ્રક્ષાલન કરવું. સત્તા ચાખી ગયેલા કોંગ્રેસીઓને પોતાની ભૂલો સ્વીકારવાનું ક્યારેય ગમ્યું જ નહીં. ઈંદિરા ગાંધીને શાસનની ધુરા સોંપાઈ ત્યારથી કોંગ્રેસની ઈમેજ ખંડિત થવા લાગી હતી. નહેરુ પછી શાસ્ત્રી આવ્યા તે પણ હિન્દી બેલ્ટની જોહુકમીનું ફરજંદ હતા. મોરારજી દેસાઈ શાસ્ત્રી કરતાં ઘણા વધારે પ્રતિભાશાળી નેતા હતા. ખાટલે ખોડ કે તેઓ ‘હા જી હા’ કહેનારા નહોતા અને ઉત્તરપ્રદેશના નહોતા.

**તંત્રીસ્થાનેથી...**

શાસ્ત્રીના અકાળ અવસાન પછી પણ હિંદી બેલ્ટ સહિતના કોંગ્રેસીઓએ મોરારજીને તક ન જ મળવા દીધી. ઈંદિરા ગાંધીના એકહથ્થુ શાસન તળે કોંગ્રેસનો આત્મા જ કચડાઈ ગયો, અને પછી જે કોંગ્રેસ બચી એને ગાંધી-સરદારની કોંગ્રેસ સાથે સ્નાનસૂતકનો સંબંધ ન રહ્યો. ઈંદિરા ગાંધીએ કોંગ્રેસના અન્ય ખમતીધર નેતાઓને દરવાજો દેખાડી દઈ જી હજુરિયાઓનો ઝમેલો ભેગો કર્યો. લોકશાહીને ટૂંપો દેવાની શરુઆત ઈંદિરા ગાંધીએ કરી જેનો સૌથી વધારે ગેરલાભ કાળક્રમે ભારતીય જનતા પાર્ટી જેવી સાંપ્રદાયિક પાર્ટીએ ઊઠાવ્યો. બિહાર અને ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસી વિચારદારા ધરાવતા નેતાઓએ જ પ્રાદેશિક પક્ષો ઊભા કરી કોંગ્રેસને હાંસિયે ધકેલી દીધી. ગુજરાત હિંદુત્વની પ્રયોગશાળા બની રહ્યું અને ગાંધી સરદારનું ગુજરાત જ અડવાણી જેવા હિંદુત્વવાદી નેતાને ખભે ઊંચકીને દિલ્હી મોકલતું રહ્યું. પરંતુ ‘પાર્ટી વિથ ડિફરંસ’ તરીકે જેનો ઉદય થયો હતો તે કેસરિયા પાર્ટીએ કાળક્રમે બીજી કોંગ્રેસ અને તે પણ ગાંધી - સરદારવાળી નહીં પણ ઈંદિરા બ્રાન્ડ કોંગ્રેસમાં ફેરવાઈ જઈ પોત પ્રકાશ્યું છે. પક્ષપલટું કોંગ્રેસીઓ કરતાં મતદાર સમુદાયને વધુ નફરત તો આવાં તત્ત્વોને રંગેચંગે પ્રસ્થાપિત કરનાર અને સત્તા સ્થાને બેસાડનાર ભારતીય જનતા પાર્ટી તરફ જ થવી ઘટે. કોંગ્રેસની વામણી નેતાગીરી પ્રત્યે તો દયા જ ખાવી રહી. એક જ પરિવારનું આધિપત્ય સ્વીકારી એણે તો જાતે જ પોતાની ઘોર ખોદેલી છે એટલે એનું ઉઠમણું થાય એવી મતદાતાની આંખ ક્યારેય ભીની થવાની નથી. પરંતુ વિપરીત સંજોગોમાં અડીખમ રહેવાને બદલે પક્ષપલટા કરાવી કોંગ્રેસી નેતાઓના સહારે સૌરાષ્ટ્ર કે ઉત્તર ગુજરાત જેવા મોદીપ્રભાવથી મુક્ત થઈ ચૂકેલા મતદાતાઓને કમળ ખીલવવા મજબૂર કરવાની કુટિલ રાજનીતિ તો લોકશાહીનું છડેચોક ખૂન કરવા જેવો જ મોટો અને જઘન્ય અપરાધ ગણાવો જોઈએ. ગુજરાતે આવા અપરાધીઓને કઠોર સજા કરી દાખલો બેસાડવો જોઈએ. બેઉ પક્ષોને બાજુએ ધકેલી સાચા લોકપ્રતિનિધિઓને સામે ચાલીને સંસદમાં મોકલી આપી ગુજરાતે ગુજરાતની ગરવાઈ અને નરવાઈ બતાવી દેવાનો આ અવસર છે. શું એવો પ્રયોગ કરવાની તૈયારી ગાંધી-સરદાર અને રવિશંકર મહારાજની ગુજરાત કરી બતાવશે ખરી ?

# આજના જમાનાના કલર

**ચાલો થોડું મલકીએ**

**અનંત પટેલ**

હમણાં એક મિત્રને ત્યાં ગયો ત્યારે અમસ્તી વાતો કરતાં કરતાં જાણ્યું કે તેમને ત્યાં નવું ફ્રીજ લાવ્યા હતા અને તેનો કલર કેવો છે તે પૂછતા તેમની દીકરીએ કહ્યું, ‘ટેબલ બ્લુ કલરનું છે.’

હું ક્યાંય સુધી વિચારતો રહ્યો કે ટેબલ બ્લુ કલર એટલે કેવો કલર કહેવાય ? અત્યારે બજારમાં સાડીઓ, ડ્રેસીજ, શર્ટ, પેન્ટ, મોબાઈલ ટીવી ફ્રીજ વગેરેના જાત જાતના કલર ઉપલબ્ધ હોય છે . પરંતુ પહેલી વાર તો તમને એ કલરનું નામ સાંભળીને કંઈ સ્પષ્ટ થતું જ નથી... અને મનમાં દ્વિધા પણ થાય કે ખરેખર તેનો રંગ કેવો હશે ? એ વસ્તુ આપણે જોઈએ ત્યારે ય પેલો શબ્દ પ્રયોગ થોડે ઘણે અંશે સમજી શકાય છે . આ નવા જમાનાના રંગ માટેના શબ્દ પ્રયોગનાં થોડાં ઉદાહરણ લઈએ, કોઈ ચટણી કલર બોલે તો આપણે ક્યો કલર સમજવો ? કેમ કે ચટણી લીલા મરચાની હોય, લાલ સૂકા મરચાની હોય, ટામેટાની હોય, ધાણાની હોય ક્યાંક કોઈ ખજુરની ચટણી પણ બનાવે છે અને મને ખબર ન હોય એવી બીજી કોઈ ચટની હજુ રહી પણ જતી હશે... એટલે ચટણી કલર બોલવાથી જે તે વસ્તુનો રંગ કેવો હશે તે કળી શકાતું નથી તે છતાં બહેનો આ શબ્દનો પ્રયોગ કરે છે અને કદાચ તે બધી તેનો મતલબ સમજી જતી હશે. બાકી આપણું તો આવા નામ પરથી એક્ઝેટ્લી ક્યો કલર હશે તે જાણવાનું ગજુ છે જ નહિ. મે એક બેનના મોઢે શબ્દ સાંભળ્યો કે રામા કલર... લ્યો કરો વાત... આ વળી ક્યો કલર હશે ? વિજ્ઞાનમાં ભણાવાયું છે તે મુજબ મૂળ રંગ એક જ છે સફેદ. મેઘધનુષ્યના સાત રંગો પણ આપણે સ્પષ્ટ દેખી અને ઓળખી શકીએ તેવા હોય છે. પણ આપણી અને વિદેશની કંપનીઓએ જૂદાં જૂદાં કોમ્બીનેશન દ્વારા ઉપજાવેલા કલર અને તેનાં જે નામ પાડ્યાં છે તે ક્યારે ક તો આપણને ખૂબ જ વિચિત્ર લાગે છે.

કલર બાબતે આપણે સૌ પરિચિત છીએ એવો એક શબ્દ છે ઈંગ્લિશ કલર. લગભગ બધા લોકોએ આ શબ્દ સાંભળ્યો હશે અને દરેક જણ એનો મતલબ કદાચ પોતાની રીતે સમજીને સંતોષ માનતા હશે બાકી કોઈને તમે એની વ્યાખ્યા કરવાનુ કહો તો શું વ્યાખ્યા અપાય ? કોણ એની વ્યાખ્યા આપશે ? ને આપે તો શું આપશે ? આવું કંઈ ક એસ કલર શબ્દનું પણ છે. કોણ જાણે ‘એસ કલર’ એટલે કેવો કલર હશે ? એ તો મને ક્યારેય સમજાયું નથી અને ખરું પૂછો તો એ સમજવા જેવું ય નથી. હવે કોઈ ‘લેમન કલર’ એમ બોલે તો તરત જ આપણને લીંબુના જેવો કલર એમ લાગે પણ લીંબુ આજકાલ લીલાં, આછાં લીલાં, આછાં પીળાં કે ઘટ્ટ પીળાં મળે છે તો માત્ર લેમન કલર બોલવાથી તેનો સાચો અંદાજ આવતો નથી. કલર માટે વપરાતા આવા જૂદા જૂદા અને વિચિત્ર શબ્દોને કારણે ઘણા લોકોને તે વસ્તુ કે પદાર્થ ખરેખર કેવા રગનો હશે તે બાબતે જ્યાં સુધી તે વસ્તુ કે પદાર્થને જૂએ નહિ ત્યાં સુધી કન્ફ્યુઝન રહે જ છે

આ તો આપણે આમાં કેવી રમૂજ પ્રગટે છે તેની વાત કરવા બેઠા એટલે બાકી તમે જો જો જે બેનો કલરના આવા શબ્દ પ્રયોગો કરે છે તે આમાં ક્યા ચોક્કસ કલરની વાત છે તે સમજી જતી હશે તેમ માનવું જ રહ્યું ! આમાં એક સત્ય એવું પણ અનુભવાય છે કે કલરનુ આવું નવું નામ સાભળ્યા પછી તે સાંભળનાર બેન એમાં ખરેખર કેવો કલર દેખાય એવું ક્યારેય પૂછતી જ નથી. મે મારાં શ્રીમતીજીને આવા એક કલરનું નામ દઈ તે રંગની ચોખવટ કરવા પૂછ્યું તો એ મારી સામે થોડીવાર તાકી રહ્યાં પછી બોલ્યાં,

‘કેમ ? તમારે એ જાણીને શું કામ છે ? તમે તમારું કામ કરોને ! બૈરાંની વાતમાં તમે શું કામ પંચાત કરો છો ?’

લ્યો કરો વાત.

# દુનિયાનો સૌથી ખતરનાક આતંકી રાજકુમાર : હમજા બિન લાદેન



વિશ્વ આખામાં ભારત આજે સૌથી વધુ ગંભીરતાથી આતંકવાદનો સામનો કરી રહ્યો છે. હવે જ્યારે ભારતે આતંકવાદ સામે કડક કાર્યવાહી કરવાની શરુઆત કરી દીધી છે ત્યારે ઈરાન અને સીરિયા કે અફઘાનિસ્તાન – પાકિસ્તાનની બોર્ડર પર પોતાનું નિવાસ સ્થાન બદલતો રહેતો એક ખૂંખાર આતંકવાદી વિશ્વની સામે પોતાનું માથું ઊંચકી રહ્યો છે. આપણે હજી ઓસામા બિન લાદેનનું નામ માંડ માંડ ભૂલ્યા છીએ ત્યા હવે એનો સૌથી પ્રિય ૩૦ વર્ષનો પુત્ર “હમજા બિન લાદેન” અલકાયદા આતંકી નેટવર્કમાં છેલ્લા ત્રણ વર્ષથી સૌથી મોટા આતંકી તરીકે ઊભરી રહ્યો છે. વિશ્વની સમક્ષ તેણે પોતાના પિતા અને ભાઈ ખાલિદ બિન લાદેનની હત્યાનો બદલો લેવાની વાતનો એક વીડિયો મૂકીને બધાને ચોંકાવી દીધા છે.

આ હમજાનો જન્મ ૧૯૮૯માં સઉદી અરબના જેદ્દાહમાં થયો છે. આ હમજા ઓસામાની બચી ગયેલી ત્રણ પત્નીઓ પૈકી ખેરિઆહ સાબારનો પુત્ર છે. ઓસામાની હત્યા પછી તેની ત્રણેય પત્નીઓ પોતાના બાળકોને લઈને સઉદી અરબ ચાલી ગયેલી જ્યા ત્યાંના પૂર્વ શહજાદે મોહમ્મલ બિન નાયેફે શરણ આપ્યું હતું. આ હમજા અને તેની માએ ઈરાનમાં પણ લગભગ દસ વર્ષ સુધી નજરબંધ રહીને સમય વિતાવ્યો છે. કારણ કે પડોશી દેશ અફઘાનિસ્તાનમાં વર્ષ – ૨૦૦૧માં જ્યારે ખૂબ જ ઠંડી પડી ત્યારે તાલિબાનના પતનને કારણે એમણે નજરબંધ રહેવું પડેલું. ઓસામા બિન લાદેનના ત્રણ દીકરામાંથી એક ખાલિદ બિન લાદેન એબટાબાદ હુમલામાં માર્યો ગયો, ત્રીજો દીકરો ૨૦૦૯માં અફઘાનિસ્તાન દ્વારા કરવામાં આવેલ ડ્રોન હુમલામાં માર્યો ગયેલો અને હવે આ બીજો દીકરો આતંકી બનીને પોતાના પિતાની જેમ સમગ્ર વિશ્વમાં છવાઈ જવા ઈચ્છે છે.

આ હમજાના લગ્ન ૯/૧૧ના હુમલામાં કમર્શિયલ એયર ક્રાફટનું કિડનેપીંગ કરનાર ખૂંખાર આતંકી મોહમ્મદ અત્તાની દીકરી સાથે થયા છે આ દીકરીનું નાગરિત્વ પણ ઈજિપ્ત - મિશ્રનું છે. અને હવે તો સઉદી અરબે પણ હમજાનું નાગરિકત્વ પાછું લઈને હમજાને રખડતો કરી દીધો છે કારણ કે અમેરિકાએ આ હમજાને વૈશ્વિક આતંકી ઘોષિત કરી દીધો છે. તા. ૨, મે, ૨૦૧૧ના રોજ અમેરિકન સેનાએ પાકીસ્તાનમાં જઈને “ઓપરેશન નેપ્ચ્યુન સ્પીયર “ અભિયાન સફળતા પૂર્વક પાર પાડીને ઓસામાનો અંત કર્યો હતો. એ વખતે આખી દુનિયાએ હાશકારો અનુભવ્યો હતો. ઓસામાએ એક દશક પહેલા હજારો, લાખો યુવાનોને જેહાદના નામે માનવબોમ્બ બનાવ્યા હતા. પરંતુ અમેરિકાએ આ મહારાક્ષસનો અંત કર્યો ત્યારથી ભૂગર્ભમાં ઉતરી ગયેલો એનો ૨૧/૨૨ વર્ષનો યુવાન પુત્ર આઠ વર્ષે પિતા અને ભાઈના મોતનો બદલો લેવા મેદાને જંગ ઉતર્યો છે. સૂત્રોએ જણાવ્યું છે કે આ હમજા હવે અમેરિકા અને તેના સહયોગી દેશો પર હુમલો કરવાની ખૂબ મોટી આતંકી સાજિશ રચી રહ્યો છે. શક્ય છે કે પરમાણું બોમ્બ પણ તે ફેંકી શકે છે. ઓસામાના અંત પછી અત્યાર સુધી અલકાયદા વિસરાઈ ગયું હતું. આપણને લાગતું હતું કે હવે અલકાયદા ફરીથી સક્રિય નહીં બને પરંતુ આટલા વર્ષોનું તેનું મૌન તેનો ખાત્મો નહીં પણ તેની રણનીતિ હતી. હવે આઠ વર્ષનો બ્રેક લઈને ફરી એકવાર આ આતંકી સંગઠન આખા વિશ્વમાં છવાઈ જવા ઈચ્છે છે. અને આ માટે આ સંગઠનમાં ક્ષમતા અને શક્તિ બન્ને છે. એની પાસે તાલીમબદ્ધ આતંકીઓની આખી ફોજ છે. જેને ખતમ કરવા માટે માત્ર અકલા અમેરિકાએ નહીં પણ સમગ્ર વિશ્વએ સાથે મળીને એનો સામનો કરવો પડશે. આ આખી ફોજને ખતમ કરવી પડશે.

હમજા હાલ ત્રીસ વર્ષનો થઈ ચૂક્યો છે. એના શેતાની દિમાગમાં આઠ વર્ષથી પિતા અને ભાઈની હત્યાનો બદલો લેવાની આગ ધધકતી રહી છે. જેને કારણે હમજાને અલકાયદાના તત્કાલીન પ્રમુખ નેતા (સરગના) અયમાન અલ જ્વાહિરીના સૌથી વધુ નજીકી – સંભવિત ઉતરાધિકારી માનવામાં આવે છે. આવી બધી પરિસ્થિતિને કારણે હમજા પર સંયૂક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે પ્રતિબંધ લગાવ્યો છે અને તેને વૈશ્વિક આતંકી ઘોષિત કરીને તેની સાચી માહિતી આપનારને રૂપિયા સાત કરોડના ઈનામની જાહેરાત પણ કરવામાં આવી છે. હમજા પર રાષ્ટ્રીય, આંતર રાષ્ટ્રીય યાત્રા પર પ્રતિબંધ લગાવી તેની બધી જ સંપતિ જપ્ત કરી લેવામાં આવી છે. તેના પર હથિયારોની ખરીદી કરવા પર પાબંદી મૂકવામાં આવી છે.



**મોરપીંછના રંગ**

**ડો. કનૈયાલાલ ભટ્ટ**

એક રિપોર્ટ અનુસાર સીરિયામાં જે મોસ્ટ વૉન્ટેડ આતંકી જૂથ સક્રિય છે તેમાં અવ્વલ નંબરે હમજા છે. જે આટલા વર્ષોથી તેના પિતા અને ભાઈની હત્યાનો બદલો લેવા અમેરિકાની રેકી કરી રહ્યો હતો. હવે તેણે દસ મોટા હુમલા માટેના ટારગેટ ફિક્સ કરી રાખ્યા છે. જ્યારે બીજી તરફ અમેરિકાએ ૪૦ સ્પેશિયલ એર સર્વિસ સોલ્જર્સની ટીમને સીરિયામાં હમજાને પકડવા માટે ગુપ્ત મિશન પર લગાવી દીધા છે. આ ૪૦ સોલ્જર્સ પાસે એકદમ હાઈ ટેક સ્પાઈ પ્લેન્સ અને ડોન્સ છે જે રેડિયો તરંગોથી પણ હમજાને પકડાવી શકે છે.

આ હમજાને સૌતેલા ભાઈઓ પણ છે. પણ તેઓ ઓસામાના મૃત્યુ બાદ આ આતંકીની દુનિયા છોડીને નવી દુનિયામાં જીવી રહ્યા છે અને હવે ફરીથી તેઓ આ ખૂની દુનિયામાં નથી પ્રવેશવા ઈચ્છતા. આ ભાઈઓએ હમજાને પણ ખુબ સમજાવ્યો હતો કે આ આતંકી પ્રવૃતિ છોડીને સામાન્ય જિંદગી જીવવા માટે પણ હમજા કોઈ વાતે માન્યો નહી. તેને તો તેના પિતાની હત્યાનો બદલો જ લેવો છે. કહેવાય છે કે આ હમજા બાળપણમાં ખુબ જ સંવેદનશીલ હતો. ૨૦૦૯માં હમજાએ પોતાના પિતા ઓસામા બિન લાદેનને એક પત્ર લખ્યો હતો. એમાં એણે લખ્યું હતું કે “ આ લાંબા અંતરાલથી મારું હદય ખુબ જ દુઃખી છે. તમને મળવા માટે હું ખુબ જ તડપી રહ્યો છું. મારી આંખોને એ દશ્ય હજીયે યાદ છે કે જ્યારે મેં તમને છેલ્લી વાર જોયા હતા, તમે જૈતુનના વૃક્ષ નીચે બેસીને અમને સૌને તમે મુસ્લિમોની ઈબાદતવાળી માળા આપી હતી.” આવી રીતે આ પત્રમાં એણે ઓસામાની સંવેદના જાગૃત કરી દીધી હતી. એ વખતે આખા વિશ્વ પર ઓસામાનો ખૌફ હતો. તેના દુશ્મનો પણ ખુબ જ શક્તિશાળી હતા. તેથી ઓસામા કદી એક જગ્યાએ લાંબો સમય રોકાતો નહીં. પરિણામે પોતાના પુત્રના પ્રેમથી, સહવાસથી તે વંચિત રહેલો. ઓસામાને ચાર પત્નીઓથી કુલ વીસ દીકરા થયા હતા. પત્નીઓ, દીકરાઓ અને અન્ય સગા સંબંધીઓ માટે ઓસામાને ખુબ જ કાયમી ચિંતા થયા કરતી હતી.

ઓસામાની મા આલિયા ધાનેમ પણ એના આ શિક્ષિત પુત્રને ખુબ જ પ્રેમ કરતી હતી. પરંતુ એક વાર જ્યારે તેની માને એક વખત એક ઈન્ટરવ્યુંમાં પૂછવામાં આવેલું કે “ શું તમને ખબર હતી કે તમારો દીકરો આતંકવાદી બનશે ? “ તો તેની માએ જવાબ આપેલો કે “ ના, મારો દીકરો અભ્યાસમાં ખુબ જ હોશિયાર હતો, પણ જ્યારે અમે જાણ્યું કે તે આતંકવાદના રસ્તે જેહાદી બની ગયો છે ત્યારે અમને ખુબ દુઃખ થયેલું. જેદ્દાની કિંગ અબ્દુલ્લાજીજ યુનિવર્સિટીના અભ્યાસ દરમિયાન ઓસામા કટ્ટરપંથી બનેલો. ત્યા અબ્દુલ્લા અજામ નામના એક મૌલાનાને તે મળેલો, આ શખ્શ મુસ્લિમ બ્રધરહૂડનો સભ્ય હતો. જેને સઉદી અરબથી નિર્વાસિત કરવામાં આવેલો અને જે પાછળથી ઓસામાનો ધર્મગુરુ બની ગયેલો. આ ઓસામાને પાકીસ્તાની જૈશ એ મોહમ્મદના મુખિયા આતંકી મૌલાના મસૂદ અઝહર સાથે પણ ખુબ નજીકની દોસ્તી હતી. આ દોસ્તીનો લાભ હમજા કે મસૂદ અત્યારની પરિસ્થિતિમાં ઉઠાવી શકે છે. આ હમજા આજે ભલે અમેરિકાને ડરાવતો હોય, પરંતુ કાલ સવારે હમજા ભારત માટે પણ માથાનો દુખાવો બની શકે છે. ભારતે આ આતંકીને પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

# ઈમ્તિહાન ઔર ભી હૈ જિંદગી મેં ‘એક્ઝામ’ કે સીવા...!

આ લેખ તમે વાંચતા હશો ત્યાં સુધીમાં બોર્ડની એક્ઝામ પોતાની અર્ધી મંઝીલ તરફ પહોચી ગઈ હશે અને એકાદ વીકમાં તો આખરી મંઝીલે પણ પહોચી જશે...! એક્ઝામ્મ્મ્મ... એની જાપ્તને એવો ભયંકર અને થથરાવી મુકનારો આ શબ્દ છે એનો અંદાઝ મેળવવા તમારે કોઈ પરીક્ષાર્થીને મળવું પડે અને એનાથી પણ વધુ હાહાકારીયો અર્થ જાણવો હોય તો એ પરીક્ષાર્થીના વાલીને મળવું પડે...મારા હમ એટલો હાવ કરી મુક્યો છે ને આ બોર્ડ-ફોર્ડની એક્ઝામે કે વાત જવા દયો....! પરીક્ષા આપનાર કરનાર તો પરીક્ષા ના આપનાર વધુ ટેન્શનમાં હોય બોલો...!!! પેલો કે પેલી તો હમજ્યા કે ભણ્યા એનું મૂલ્યાંકન કરાવવા તૈયાર હોય પણ આ વાલીઓ તો બાપ્પ્પા એટલું ટેન્શન કરી મુકે ને કે એમ થાય કે સંતાનની સાચી પરીક્ષા તો ઘરમાં જ લેવાય જાય છે...ખોટ નૈ કે’તો...!

આઈ એન્ડ યુ ઓલ્સો એગ્રી કે ભણતર જીવનમાં અગત્યનું છે અને એટલું જ અગત્યનું છે સ્પર્ધામાં ટકી રહેવું. જમાનો જ્ઞાનનો છે એની ના નહિ અને શું છે કે જમાના પ્રમાણે અને જમાનાની સાથે બાથ ભીડવા માટે જ્ઞાન હોવું જરૂરી છે, ઈનફેક્ટ જ્ઞાન હોવું કરતા એમ કહી શકાય કે ડીગ્રી હોવી જરૂરી છે અને શક્ય છે કે હરકોઈ વાલી એમ જ ઈચ્છે કે પોતાનું બાળક આ સ્પર્ધાત્મક સમાજમાં આગળ રહે અને આગળ વધે. પણ... બટ... કિન્તુ... પરંતુ આ બધા માટે મહજ ૧૪-૧૫ વર્ષના બાળકને (આ ૧૦ માં બોર્ડ માટે છે) સારા ટકા લાવવાનું પ્રેશર કે ડીમાંડ કેટલી હદે વિચલિત કરી મુકે છે એનું ભાન છે કોઈને ? ૧૦ માં ની તૈયારી ઓલમોસ્ટ ૮ એન્ડથી અને ૧૨ બોર્ડ સુધી એને કેરી ઓન કરતા વાલી અને વિદ્યાર્થી જો એમ સમજતા હોય કે આ પરીક્ષા અને એનું પરિણામ જ સર્વેસર્વા છે તો દિમાગનો એમઆરઆઈ કરાવવો જોઈએ..!

પરીક્ષા એટલે વર્ષભર ભણ્યા હોય એનું મૂલ્યાંકન - આટલું સાદું ગણિત તો બધા સમજે છે પણ પછી એમાં ઉમેરાય છે ટકા લાવવાની હોડ... સારી લાઈન પકડવાની દોડાદોડી... પેલા વોશિંગ પાઉડરની જાહેરાતોની જેમ ‘તેરા બચ્ચા મેરે બચ્ચે સે હોશિયાર કૈસે ?’ નો હુંકાર અને યેનકેન પ્રકારે બાળક પર લાદવામાં આવતો અચ્છે પરસેન્ટેજ લાને કા દબાવ...સરવાળે ઘણી ખીચડીઓ પાક્યા પહેલા જ દાઝી જાય છે અને પછી ડહાપણ આવે છે કે બાળકની કેપેસીટી સમજવાની મોટી ભૂલ હવે નડી...! જી હા, કોઈ પણ એક્ઝામના પરિણામોની અસર તમારા પર એટલી ઓછી થશે જેટલી તમે તમારા બાળકની કેપેસીટી અગાઉથી જાણી શકશો...! સી, નો ડાઉટ ટ્યુશનીયા સમાજમાં ૫૦-૫૫ ની એવરેજવાળા બાળકને તમે ૬૦ સુધી તો પહોચાડી શકો પણ પછી એ જ બાળકની પાસે ૭૦ ને ૮૦ ની અપેક્ષા રાખો તો તમને ભગવાન’ય માફ ના જ કરે ને...! આગલા ધોરણોના પરિણામો, બાળકનું ભણવા પ્રત્યે વલણ અને એના પ્રોગ્રેસ રીપોર્ટ જો પહેલેથી જ ફોલો કરતા રહેશો તો શું છે કે ના કરે નારાયણ ને બાળક બોર્ડની સો-કોલ્ડ જીવન-મરણના જંગ જેવી એક્ઝામમાં ટાય ટાય ફીશ થઈ જાય કે ડીમ દેખાવ કરે તો તમને આઘાત ઓછો લાગશે..અને ખાસ તો બાળકને એની કેપેસીટીથી વધુ એક્સીલેટર આપવાની તમારી જીદની ઓછી અસર થશે...એન્ડ ધીસ ઈઝ નોટ એ માઈથ... આ શિક્ષણવિદો દ્વારા ટ્રાય એન્ડ ટેસ્ટેડ એન્ડ એપ્રુવ્ડ થીયોરી છે...!

ઓકે... આનો અર્થ હરગીઝ એવો નથી કે બાળકને બેસ્ટ એચીવ કરવા માટે પુશ કરવું નહી, ચોક્કસ પુશ કરવું - મોટીવેટ કરવું પણ એક વાતને દિમાગમાં રાખીને કે ‘ આ કોઈ પહેલી એક્ઝામ નથી કે આ કોઈ છેલ્લી એક્ઝામ પણ નથી જ ‘જીન્દગીમે ઈમ્તેહાન ઓર ભી હૈ ની જેમ આગળ આ અને આવી અનેકો પરીક્ષાઓ આવતી જ રહેવાની, મને-કમને આપતી જ રહેવાની છે તો બેસ્ટ એ છે કે એક્ઝામને કોઈ ફેય્લોર કે સકસેસના ચશ્મે જોવા કરતા એક પડાવ તરીકે વધુ જોઈએ. ગામ આખું ઈલેક્ટ્રોનિક કરે છે કે આર્કીટેકચર કરે છે કે ફોરીન જાવાનું છે એની પર સતત વોચ રાખ્યા કરતા પરીક્ષા પહેલા અને ખાસ તો બોર્ડની પરીક્ષા પહેલા બાળક સાથે બેસીને કયો વિષય, કયું ફિલ્ડ એની પ્રતિભાને માફક આવે એમ છે એની જો ચર્ચા થઈ શકતી હોય તો સારું એ રહેશે કે પરીક્ષા પ્રત્યેનો બાળકનો આખો અભિગમ જ બદલી જશે. નક્કી જ હોય કે ટકાવારીની રેસનો ઘોડો નથી જ બનવાનું તો બની શકે કે બાળક પરીક્ષાની તૈયારી વધુ હોંશ અને હોશિયારીથી કરી શકે..!! સી, આમેય ૧૦ પછી તો હવે કશું નોંધપાત્ર બની શકાય એવો કોઈ અભ્યાસક્રમ છે જ નહિ. ૧૦ પછી તો સારા ટકા મોટાભાગે એટલા માટે જ લાવવાના છે કે સારી સ્કુલમાં એડમીશન મળે....જો એવું જ હોય (અને છે પણ) તો વ્હાય ૧૪-૧૫ વર્ષના બચ્ચાને એક્ઝામનો એક્સ્ટ્રા હાઉ દેને કા....?



**રઝળપાટ**

**અજય ઉપાધ્યાય**

બાય ધ વે આ સારી સ્કૂલો પણ એક પ્રકારની માન્યતા હોય એવું નથી લાગતું ? બીકોઝ બોર્ડના ટોપ ટેન માંથી મોટાભાગના તો સરકારી કે અર્ધસરકારી સ્કુલોના જ હોય છે..! જો કે આની પર ડીબેટ શરુ થાય એ પહેલા એ કહી દઉં કે એક્ચ્યુલી ઉપરવાળાએ બાળકના દિમાગની હાર્ડડિસ્કમાં ભણતર માટે જેટલી જીબી ફાળવી હશે એનાથી એકપણ એમબી વધુ સ્ટોર નથી જ થવાની એ હકીકત છે, બસ આ સ્ટોરેજ ને જાણવું હરેક વાલી માટે અગત્યનું છે. જો એકવાર આ સ્ટોરેજની ખબર પડી જાય તો ધાર્યા હોય ૬૦ ને બાળક ૬૨ ટકા લાવે તો ગામ આખાનો જમણવાર કરવાનું મન થઈ જાય કે નહિ...?જો કે અહી કહેવાનો અર્થ એ પણ નથી કે બાળક ઓછું હોશિયાર છે તો એને સ્વીકારી લેવું પહરગીઝ નહિ. પણ એની ક્ષમતાને જાણ્યા પછી એ ક્ષમતામાં વધારો કરવા શું કરવું પડે એની તબક્કાવાર તૈયારી જો કરી શકો તો એવું પણ બને કે સ્ટોરેજ વધી પણ જાય...! પણ શું છે કે બધા માટે પણ પહેલા બાળકની બદલે વી ધ વાલીઓએ તૈયાર રહેવું પડે.

એની વેય્ઝ...આખોયે લેખ વાલી...વાલી માં પૂરો થઈ જાય એ પહેલા બે વેણ બાળકો માટે પણ ઈર્શાદ કરી જ દઉં...! પરીક્ષાની આ મોસમમાં ચારેકોર મોટીવેશનલ લેખો-પ્રવચનો-વિચારો-સલાહો વચ્ચે એટલું જ કહેવાનું કે પરીક્ષાને હાઉ ની બદલે લેવા કરતા ખુદની સજ્જતાની કસોટી વધુ સમજવી... પરીક્ષાને જીવનની અંતિમ પરીક્ષા માનવા કરતા આ એક પડાવ છે એમ સમજવું... રીઝલ્ટ ચાહે ફેઈલનું આવે તો પણ શું થયું ? એવા કેટલાયે ઉદાહરણો છે કે જેઓ શરૂઆતી પરીક્ષાઓમાં ફેઈલ થઈને પણ અને એ ફેય્લોરમાંથી શીખીને જ આગળ વધેલા-ટોચ પર પહોચેલા છે..! અને શું છે કે ‘જિંદગી હર કદમ એક નઈ જંગ હૈ’ ની જેમ કોઈ ને કોઈ પરીક્ષામાં તો નાપાસ થવાના જ કે નહિ ? સો, પરિણામોથી નાસીપાસ થયા વગર વધુ હિમ્મત અને વધુ સજ્જતાથી પરીક્ષાનો સીના તાન કે મુકાબલો કરવો જ પડે...! નિષ્ફળતાની બીક અને ક્યારેક એક્ચુય્લ નિષ્ફળતા કુમળા દિમાગો પર હાવી થઈ જાય અને ના કરવાનું કરી બેસે એના કરતા બહેતર અને બેટર છે કે ઘર લેવલે જ બાળકને સફળતા કરતા નિષ્ફળતાની બીક ઓછી બતાવાય... ખોટા હાઉ ઉભા નાં કરાય અને પરિણામની બીક રાખ્યા વગર ‘જા..ઓંર દિખા દે અપના બેસ્ટ’ આવી હિંમતભરી હોશલાઅફ્ઝાઈ એ જ છે ઈમ્તેહાનના હાઉ પર સાચી ‘સર્જીકલ’- આઈ મીન ‘એજ્યુકેશનલ સ્ટ્રાઈક ‘.....ઓલ ધ બેસ્ટ એક્ઝામવીરો..!